## દીકરાની લેતીદેતીના વ્યવહારના કેસમાં માતાનો છૂટકારો

સુરતઃ ફરિયાદી પ્રિયંકગિરિ મનહરગિરિ ગોસ્વામી પાસેથી આરોપી વરુણ કમલેશભાઇ દેસાઈએ રૂપિયા ૧૩ લાખ હાથ ઉછીના લીધા હતા. જે અંગે ફરિયાદીને આપેલો ચેક રિટર્ન થતાં ફરિયાદીએ આ ચેક પર સહી કરનાર પુત્ર વરુણ અને માતા દર્શનાબેનની સામે કેસ કર્યો હતો. આ કેસની સુનાવણી દરમિયાન પુત્ર વરુણનું મુત્યુ થયું હતું. આ કેસમાં આરોપી દર્શનાબેન કમલેશભાઇ દેસાઇ તરફે એડવોકેટ ધર્મેન્દ્ર માટલીવાળા તથા અમિત સોલંકીએ ચેક પર આરોપી દર્શનાબેનની સહિ ન હોવાનો એફએસએલ રિપોર્ટ રજૂ કરી દલીલ કરી હતી. કોર્ટે આરોપી દર્શનાબેનને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

## જમ્મુ-કાશ્મીર બેંક, રિંગ રોડ શાખાના બ્રાન્ચ મેનેજરનો લાંચમાં છૂટકારો

સુરત : ફરિયાદી રામઅવતાર રાજયકુમાર ગુપ્તાએ બનેવી મહેન્દ્રકુમાર બંસલે આપેલા પાવર ઓફ એટર્નીના આધારે શિવઅંબે સિન્થેટીક કોર્પોરેશનનું બેંકમાં સી.સી. એકાઉન્ટ ઓપરેટ કરતા હતાં. બેંકે નોન પરફોર્મિંગ ખાતા તરીકે ગણી સી.સી. ની સગવડતા બંધ કરવાની નોટિસ આપી હતી. જેથી થોડા સમય ખાતુ ઓપરેટ કરવા માટે ફરિયાદીએ આરોપીને વિનંતી કરતાં જમ્મુ-કાશ્મીર બેંકના રિંગરોડ શાખાના આરોપી બ્રાન્ચ મેનેજરે રૂપિયા ૫,૦૦૦ લાંચની માંગણી કરી હતી. એસીબીએ પકડ્યા બાદ આ કેસમાં આરોપી પક્ષે વકીલ કિરીટ પાનવાલાએ સફળ રજુઆત કરી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

## ચાઈનીઝ શિપિંગના એજન્ટ બની વેપારી સાથે ૭ લાખની ઠગાઈ

સુરતઃ સરથાણા જકાતનાકા વિસ્તારમાં આવેલા વ્રજવાટિકા રેસિડેન્સીમાં રહેતા દીપ નિલેશકુમાર પંડ્યાએ નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપી કૃણાલભાઈ જે. ભોજકે પોતે ચાઈનાથી ભારત ખાતે કંપનીના ડસ્ટબીન મંગાવતો શિપિંગ એજન્ટ હોવાનું કહી સોશિયલ મીડિયા પર જાહેરાતો મૂકી હતી. આ જાહેરાતોથી પ્રભાવિત થઈ ફરિયાદી વેપાર માટે આરોપીના સંપર્કમાં આવ્યા હતા. વેપારના બહાને કુલ ૩.૮,૮૬,૩૧૩ મેળવી શરૂઆતમાં આરોપીએ ૩.૧,૭૦,૯૬૩ પરત પણ આપ્યા હતા. જોકે બાદમાં બાકીના ૩.૭,૧૫,૩૫૦ પરત આપ્યા ન હતા. વારંવાર ઉઘરાણી કરવા છતાં પૈસા પરત ન આપતા પુણા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## મુંબઈથી લાવી સુરતમાં વેચાણ કરનારા બે એમડી ડ્રગ્સ સાથે પકડાયા

સુરતઃ ચોકબજાર પોલીસને એવી બાતમી સાંપડી હતી કે વેડ દરવાજા બોરીચા ગેસ એજન્સીની સામેના ભાગે બે યુવાનો એમડી ડ્રગ્સ વેચવા આવ્યા છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવી બે યુવાનોને પકડી પાડ્યા હતા. જેમાં પરવેઝ ઉર્ફે પરવેઝ લક્ષ્મીપતિ ઉર્ફે ભોંડિયા ઝહીર ઉર્ફે ઝહીર હાજી શેખ (ઉ.વ.29) અને સમીર ઉર્ફે બાબા ગંભીર પટેલ (ઉ.વ.29, બંને રહેઃ બેઠી કોલોની, મીઠીખાડી, લિંબાયત, મૂળ વતન મહારાષ્ટ્ર)નો સમાવેશ થાય છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવેલી હકીકત મુજબ આ બન્ને મુંબઈથી ડ્રગ્સ લાવતા હતા અને સુરતમાં છુટક વેચાણ કરતા હતા. એક મહિનાથી આ રીતે ડ્રગ્સનું છુટક વેચાણ કરનારા બંનેની આકરી પૂછપરછ કરી ડ્રગ્સ કોની પાસેથી અને કેટલી માત્રામાં લાવતા હતા? ક્યાં ક્યાં વિસ્તારમાં છુટક વેચાણ કરતા હતા? છેક લિંબાયતથી વેડ દરવાજા સુધી શા માટે લાંબા થયા? વગેરે મુદ્દે તપાસ કેન્દ્રીત કરવામાં આવી છે.

# છેક બે વર્ષ બાદ ખૂલેલા સબરસ ગરનાળામાં ગંદું પાણી ઉભરાયું

**ગરનાળામાં** દોઢ ફૂટ ગંદુ પાણી ભરાતા વાહનચાલકો પરેશાન



સુરતઃ શહેરમાં મેટ્રો અને રેલવે સ્ટેશન ડેવલપમેન્ટના કામોને કારણે લાંબા સમયથી બંધ રહેલું સબરસ ગરનાળું થોડા દિવસો પહેલાં જ વાહન વ્યવહાર માટે ખુલ્લું મુકાયું હતું. જોકે ગરનાળું શરૂ થતાં જ લોકોને રાહત મળવાની આશા વચ્ચે હવે નવી મુશ્કેલી ઊભી થઈ છે. છેલ્લા બે દિવસથી ગરનાળામાં ગંદુ અને વાસયુક્ત પાણી ભરાઈ જતાં વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

સબરસ ગરનાળું લાંબા સમયથી બંધ હોવાથી સ્થાનિક લોકો તેમજ રોજિંદા અવરજવર કરતાં વાહનચાલકોને મોટો ચકરાવો લઈ આયુર્વેદિક મેડિકલ કોલેજ સામે આવેલા ગરનાળાનો ઉપયોગ કરવો પડતો હતો. આ સમસ્યાને લઈને સ્થાનિકોએ અનેક વખત રજૂઆતો પણ કરી હતી. લોકોની મુશ્કેલીને ધ્યાનમાં રાખી મનપા કમિશનરે ચાલી રહેલા કામોને ઝડપથી પૂર્ણ કરી ગરનાળું વહેલી તકે શરૂ કરવા સૂચના આપી હતી. હાલમાં ગરનાળું શરૂ તો થઈ ગયું છે, પરંતુ ત્યાં છેલ્લા બે દિવસથી દોઢ ફૂટ જેટલું ગંદુ પાણી ભરાઈ રહેતાં લોકોની મુશ્કેલી યથાવત રહી છે.

ગરનાળામાં ભરાયેલા વાસ મારતા પાણીમાંથી વાહનચાલકોને જોખમ વચ્ચે પસાર થવું પડી રહ્યું છે. ખાસ કરીને બાઈકચાલકો માટે પરિસ્થિતિ વધુ કઠિન બની છે. પરિણામે અનેક લોકોએ વિકલ્પરૂપે અન્ય રસ્તા પસંદ કરવાનું શરૂ કર્યું છે. આમ, પાલિકાએ ગરનાળું તો શરૂ કરાવી દીધું, પરંતુ સુવિધા કરતાં હાલાકી વધુ ઉભી થતાં લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે.

# પોસ્ટમાં નોકરી આપવાના બહાને બે પાસેથી 17.60 લાખ ખંખેરાયા

**કોઈ** મંડળીના આઈ.પી. એડ્રેસનો ઉપયોગ કરી ખોટા મેસેજ બનાવ્યા હતા

સુરતઃ પોતાની જાતને મામલતદાર તરીકે ઓળખાવી, પોસ્ટ વિભાગમાં ઉચ્ચ અધિકારીઓ સાથે મેળાપીપણું હોવાનો દાવો કરીને ઠગોએ બે યુવાનો પાસેથી કુલ રૂપિયા ૧૭.૬૦ લાખ પડાવી લેવાનો કિસ્સો સામે આવ્યો છે. ખોટા ઓર્ડર અમે પરીક્ષાનાં રિઝલ્ટ વોટ્સએપ પર મોકલી પૈસા ખંખેર્યા હતા.

અમરોલી-કોસાડ રોડના ગોપીનાથ કોમ્પ્લેક્સમાં રહેતા મનોજભાઈ પરસોત્તમભાઈ સોલંકી છેલ્લાં 20 વર્ષથી ફેમિલી કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટ સંબંધિત કામકાજ અને એનજીઓ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. ફેબ્રુઆરી-2024 દરમિયાન નાનપુરા બહુમાળી વિસ્તારમાં મિત્ર અશોકભાઈ સોલંકી સાથે બેઠા હતા. ત્યારે ભૂપેન્દ્રભાઈ શર્મા નામની વ્યક્તિ મળી હતી. તેણે પોતે મામલતદાર હોવાનું કહી પોસ્ટ વિભાગમાં ઉચ્ચ અધિકારીઓ સાથે સારા સંબંધો હોવાનું જણાવ્યું હતું. બાદ મનોજભાઈએ પોતાના સગા ધીરૂભાઈ માંડલીયાના પુત્ર હિમાંશુ માટે પોસ્ટ માસ્ટરની નોકરી અંગે ભૂપેન્દ્રભાઈ સાથે વાતચીત કરાવી હતી.

ભૂપેન્દ્રભાઈએ ત્રણ મહિનામાં પોસ્ટ માસ્ટર તરીકે નિમણૂક કરાવી આપવાની ખાતરી આપી 10 લાખની માંગણી કરી હતી. ત્યારબાદ હિમાંશુ માંડલીયાએ અલગ અલગ તારીખે ગૂગલ પે મારફતે લાખો રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. કુલ 8.50 લાખ હિમાંશુ પાસેથી લેવામાં આવ્યા હતા. આ દરમિયાન ભાવનગરના રાજેશભાઈ વાઘેલાના પુત્ર કેયુર વાઘેલાને પણ પોસ્ટ માસ્ટરની નોકરી અપાવવાનું કહી આરોપીએ વિશ્વાસમાં લીધો હતો. કેયુર માટે પણ 10 લાખની માંગણી કરવામાં આવી હતી. ફરિયાદી અને તેમના મિત્રોની હાજરીમાં અનેક વખત અઠવાગેટ તથા અન્ય સ્થળોએ રોકડ રકમ આરોપીને આપવામાં આવી હતી. કેયુર વાઘેલા પાસેથી કુલ 9.10 લાખ મળી કુલ 17.60 લાખ ખંખેરી લીધા હતા. નોકરી નહીં મળતાં આખરે અઠવા પોલીસે ભૂપેન્દ્રભાઈ શર્મા અને બ્રિજ ઉર્ફે બ્રિજેશ મુકેશભાઈ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### ખોટી પરીક્ષા લઈ રિઝલ્ટ પણ મોકલ્યાં

આરોપીઓએ ભોગ બનનાર યુવકોને BP GUJPST નામથી મેસેજ મોકલી ડોક્યુમેન્ટ વેરિફિકેશન, ઓનલાઈન ટ્રેનિંગ, યુઝર આઈડી-પાસવર્ડ, પરીક્ષા લિંક તથા નિમણૂક ઓર્ડરના ટ્રેકિંગ નંબર મોકલી વિશ્વાસ જમાવ્યો હતો. કેયુર અને હિમાંશુને વોટ્સએપ પર એક લિંક મોકલી ઓનલાઈન પરીક્ષા પણ અપાવવામાં આવી હતી અને પરિણામના ફોટા પણ મોકલવામાં આવ્યા હતા.

### પોસ્ટ માસ્તર સાથે વિડીયો કોલ પર વાત કરી જલદી ઓર્ડર કરવા પણ કહ્યું

રિઝલ્ટ બાદ ઓર્ડર નહીં આવતાં ભોગ બનનાર દબાણ કરતાં આરોપીએ નવસારી પોસ્ટ માસ્ટર તરીકે ઓળખાવનાર બ્રિજેશ પટેલ નામના વ્યક્તિ સાથે કોન્ફરન્સ કોલ કરાવી બંને યુવકના ઓર્ડર જલદી આવી જશે તેવી ખાતરી આપી હતી. જો કે, વારંવાર તારીખો બદલાતી રહી અને આખરે કોઈ નોકરી ન મળતાં ભોગ બનનારોએ રૂપિયા પરત માંગ્યા હતા. ત્યારે આરોપી ભૂપેન્દ્રભાઈએ રૂપિયા ઉપરના અધિકારીઓને આપી દીધા હોવાનું કહી પરત આપવાનો ઇનકાર કર્યો હતો.

### ટ્રેકિંગ નંબર આપી ઓર્ડર કન્ફર્મ કર્યો

ભોગ બનનાર કેયુરભાઈ રાજેશભાઈ વાઘેલાને તેમના મોબાઈલ પર એક ઓર્ડર ટ્રેકિંગ નંબર મોકલી એવું દર્શાવવામાં આવ્યું હતું કે, તા.૧૧/૦૯/૨૦૨૪ ના રોજ તેમનો ઓર્ડર ભાવનગર એસ.ઓ. ખાતે આવી ગયો છે. તેવી જ રીતે હિમાંશુભાઈ માંડળીયાને પણ સુરત એસ.ઓ. ખાતે ઓર્ડર પહોંચી ગયો હોવાના મેસેજ ટ્રેકિંગ નંબર સાથે મોકલવામાં આવ્યા હતા. આરોપી ભૂપેન્દ્રભાઈ શર્માએ એક લિંક મોકલી બંને યુવાનોને એમ્પ્લોયમેન્ટ નંબર પણ આપી દીધા હતા.

### નવસારીના 'પોસ્ટ માસ્તર'નું નામ ઊછળ્યું

આરોપી ભૂપેન્દ્ર શર્માએ આ સમગ્ર ખેલમાં નવસારીના પોસ્ટ માસ્તર તરીકે ઓળખ આપતા બ્રિજેશભાઇ પટેલ (રહે.,નવસારી)નો સંપર્ક કરાવ્યો હતો. બ્રિજેશ પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, હેડ ઓફિસ ખાતેથી બંનેનાં નામ એપ્રૂવ થઇ ગયા છે અને તા.૩૦/૬/૨૦૨૪ સુધીમાં ઓર્ડર મળી જશે. વિશ્વાસ કેળવવા માટે આરોપીઓએ સોશિયલ મીડિયા પર એપ્રૂવલ લિસ્ટના ફોટા પણ મોકલ્યા હતા, જેમાં બંને યુવાનોનાં નામ દર્શાવેલાં હતાં.

### ત્રણવાર ઓર્ડર કેન્સલ કરાવી સમય પસાર કર્યો

સમયમર્યાદા પૂર્ણ થવા છતાં ઓર્ડર ન મળતાં જ્યારે ભૂપેન્દ્ર શર્માની પૃચ્છા કરવામાં આવી ત્યારે તેણે જણાવ્યું હતું કે, સુરત પોસ્ટ ઓફિસમાં ઓર્ડર આવી ગયા છે અને બે દિવસમાં રૂબરૂ મળી જશે. જો કે, વારંવાર વાયદા કરવા છતાં ઓર્ડર ન મળતાં અને 'ફરીથી પરીક્ષા લેવાની છે' તેવાં બહાનાં હેઠળ ત્રણ-ત્રણ વખત ઓર્ડર કેન્સલ બતાવતાં યુવાનોને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની શંકા ગઈ હતી. તપાસ કરતા માલમ પડ્યું હતું કે, આરોપીઓએ કોઈ મંડળીના આઇ.પી. એડ્રેસનો ઉપયોગ કરી ખોટા મેસેજ બનાવ્યા હતા.

હવે ગુજરાત બોર્ડની માર્કશીટ બનશે 'સ્માર્ટ'

# પેટર્ન મુજબ બદલાશે લૂક, હોલોગ્રામને બદલે QR કોડથી થશે તરત વેરિફિકેશન

**અટક** પાછળ અને નામ આગળ આવશે, ડુપ્લિકેટ માર્કશીટ બનાવવી મુશ્કેલ પડશે

સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.10 અને 12નાં પરિણામો જાહેર થયા બાદ હવે વિદ્યાર્થીઓને મળનારી માર્કશીટમાં મોટો બદલાવ જોવા મળશે. હવે ગુજરાત બોર્ડની માર્કશીટ પણ Central Board of Secondary Education (CBSE) પેટર્ન મુજબ વધુ સુરક્ષિત, આધુનિક અને ડિજિટલ ફીચર્સથી સજ્જ બનશે.

નવી માર્કશીટમાં સૌથી મોટો ફેરફાર વિદ્યાર્થીના નામના ફોર્મેટમાં કરવામાં આવ્યો છે. અત્યાર સુધી માર્કશીટમાં પહેલા અટક અને ત્યારબાદ વિદ્યાર્થીનું નામ લખાતું હતું, પરંતુ હવે પહેલા વિદ્યાર્થીનું નામ અને ત્યારબાદ અટક દર્શાવવામાં આવશે. સાથે જ નામ, પિતાનું નામ અને અટક માટે અલગ-અલગ કોલમ તૈયાર કરવામાં આવ્યા છે, આ ફેરફાર ખાસ કરીને વિદેશમાં અથવા અન્ય રાજ્યોમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.

માત્ર નામની જ નહીં પરંતુ માર્કશીટની સાઈઝ અને ડિઝાઈનમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. નવી માર્કશીટ વધુ આકર્ષક અને સુરક્ષિત બનાવવામાં આવી રહી છે. વર્ષોથી વપરાતા સિક્યુરિટી હોલોગ્રામને હવે દૂર કરીને તેની જગ્યાએ QR કોડ આપવામાં આવશે. વિદ્યાર્થીની માર્કશીટ પર રહેલા આ QR કોડને સ્કેન કરતા જ તેની તમામ વિગતો ઓનલાઈન વેરિફાઈ થઈ જશે.

બોર્ડ દ્વારા તૈયાર કરાયેલી આ નવી 'સ્માર્ટ માર્કશીટ' આગામી એક અઠવાડિયામાં શાળાઓ મારફતે વિદ્યાર્થીઓને આપવામાં આવશે. શિક્ષણ ક્ષેત્રે ડિજિટલ સુરક્ષા અને પારદર્શિતાની દિશામાં આ મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

## જજો અને વકીલોએ એકબીજાનાં વખાણ કર્યા

સુરતઃ સુરત જિલ્લા વકીલ મંડળે વિદાય લેતાં જજો અને નવનિયુક્ત જજો સન્માન માટે સ્નેહ મિલન સમારોહ સુરત જિલ્લા ન્યાયાલયના ૧૦મા માળે આવેલા કોન્ફરન્સ હોલમાં યોજાયો હતો. મુખ્ય ન્યાયાધીશ રાહુલ ત્રિવેદીએ સંબોધનમાં જણાવ્યું હતું કે મારી નારાયણ સેનામાંથી સૈનિકો બીજી જગ્યાએ જશે. સુરતથી બઢતી-બદલી પામેલા જજોએ સુરતનાં વકીલોનાં વખાણ કર્યા હતા. આ પ્રસંગે નવનિયુક્ત જજોનું સન્માન કરાયું હતું. પ્રમુખ ઉદય પટેલે ન્યાયાલય માટેની જમીન ફાળવણીમાં જજોના સહયોગની સરાહના કરી હતી. સેક્રેટરી મુકુંદ રામાણીએ બઢતી બદલી પામેલા જજોની સુરત પ્રત્યેની લાગણી બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# SETJAનો મોટો નિર્ણય : દર રવિવારે જરી-થ્રેડ બજાર સ્વૈચ્છિક બંધ રહેશે

**પેટ્રોલ**-ડીઝલ બચત અને જનજાગૃતિ માટે વેપારીઓની પહેલ

**પરિસ્થિતિ** સામાન્ય ન થાય ત્યાં સુધી અમલ, તમામ સભ્યોને સહકાર આપવા અપીલ

સુરત : શહેરમાં ચાલી રહેલી પેટ્રોલ-ડીઝલની અછત અને બચત અંગે વધી રહેલી ચિંતાઓ વચ્ચે SETJA (Surat Embro Thread | Jari Association) દ્વારા દેશહિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. એસોસિએશન દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી દર રવિવારે સુરતની જરી અને થ્રેડ સાથે સંકળાયેલી દુકાનો સ્વૈચ્છિક રીતે બંધ રાખવામાં આવશે.

એસોસિએશનના પ્રમુખ તુષાર કુવાડિયાએ જણાવ્યું હતું કે હાલની પરિસ્થિતિમાં પેટ્રોલ અને ડીઝલની બચત ખૂબ જ જરૂરી બની ગઈ છે.

માત્ર સરકાર પર નિર્ભર રહેવા કરતાં વેપારીઓ અને ઉદ્યોગકારોએ પણ પોતાની સામાજિક જવાબદારી સમજી આગળ આવવું જોઈએ. આ અભિયાનનો મુખ્ય હેતુ ઈંધણ બચત સાથે દેશહિતમાં યોગદાન આપવાનો અને લોકોમાં જનજાગૃતિ લાવવાનો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રવિવારે બજારો સ્વૈચ્છિક રીતે બંધ રાખવાથી વાહન વ્યવહાર ઓછો થશે, જેના કારણે પેટ્રોલ-ડીઝલની બચતમાં સહાય મળશે. સાથે જ વેપારીઓ અને કામદારોમાં પણ ઈંધણ બચત અંગે સકારાત્મક સંદેશ પહોંચશે. SETJA દ્વારા તમામ વેપારીઓ, દુકાનદારો અને સભ્યોને આ અભિયાનમાં જોડાઈ સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. એસોસિએશનનું માનવું છે કે નાનકડો પ્રયાસ પણ દેશહિતમાં મોટું યોગદાન સાબિત થઈ શકે છે.

"પેટ્રોલ-ડીઝલ બચાવો, દેશને મજબૂત બનાવો"ના સંદેશ સાથે શરૂ કરાયેલ આ અભિયાનને વેપારી વર્ગમાં સારો પ્રતિસાદ મળવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સમસ્ત માતા-પિતાના મોક્ષાર્થે શ્રીમાળી સોનીની 18મીથી ભાગવત સપ્તાહ

**અંબાજી** રોડ, વાઘેશ્વરી માતાજીની વાડી ખાતે આયોજિત સપ્તાહમાં મણિશાનંદજી મહારાજ કથા વાંચશે

સુરતઃ ફેમિલી ભજનમંડળ દ્વારા શ્રી અમદાવાદી શ્રીમાળી સોની જ્ઞાતિ સમાજનાં સમસ્ત માતા-પિતાના મોક્ષાર્થે ભવ્ય શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન અંબાજી રોડ, શ્રી વાઘેશ્વરી માતાજીની વાડી ખાતે કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગમાં પ્રસિદ્ધ વક્તા શ્રી મણિશાનંદજી મહારાજ ભાગવત કથાનું રસપાન કરાવશે. આ સપ્તાહનું આયોજન સોમવાર તા.૧૮-૫-૨૦૨૬ના શુભદિવસથી રવિવાર, તા.૨૪-૫-૨૦૨૬ સુધી કરવામાં આવ્યું છે. આ નિમિત્તે સંજયભાઈ મંદિરવાળાના નિવાસ સ્થાનેથી પોથીયાત્રા નીકળશે. તા.૧૮-૫-૨૦૨૬ના રોજ કળશયાત્રા રહેશે.

તા.૧૯-૫-૨૦૨૬ના રોજ ચતુર્થી શ્લોકી ભાગવત, ધ્રુવ ચરિત્ય શંકર-પાર્વતી ચરિત્ય, કદમ ઋષિનું આખ્યાન, ધ્રુવ નારદજી વિષ્ણુ ઝાંખી, શંકર પાર્વતીની જયમાળા ઝાંખી, તા.૨૦-૫-૨૦૨૬ના રોજ પ્રિયવત ચરિત્ર ઋષભદેવની કથા, નરસિંહ ભગવાનની ઝાંખી, ૨૧-૫-૨૦૨૬ યશોદા વાસુદેવની ઝાંખી, તા.૨૨-૫-૨૦૨૬ના રોજ ગોવર્ધન પૂજા બાળલીલા માખણચોરીની ઝાંખી, તા.૨૩-૫-૨૦૨૬ના રોજ મહારાસની કથા, ભગવાનની મથુરા ગમનની લીલા, રૂક્ષ્મણી વિવાહ, કૃષ્ણ રૂક્ષ્મણીજી, ગોપીઓ, રાધાજીના રાસની ઝાંખી, તા.૨૪-૫-૨૦૨૬ના રોજ કથાનું સમાપન સુદામા ચરિત્ર અને પૂર્ણાહુતિ થશે આ દિવસે સવારે ૧૦ કલાકે હવન યજ્ઞ થશે.

## ભટારમાં કામધંધા બાબતે ઝઘડામાં પિતાએ પુત્રની હત્યા કરી

સુરતઃ ભટાર રોડ સ્થિત સિધ્ધિ શેરી ઘર નં.૫૩માં રહેતો ૩૦ વર્ષીય ચિરાગ મહેશભાઈ નાયકા ઘરેથી ટુવ્હીલર તથા ફોરવ્હીલર વોશિંગનું કામ કરે છે. તા.૧૦/૫/૨૬ની રાત્રે ચિરાગ અને તેના પિતા વચ્ચે કામધંધા બાબતે ઝઘડો થયો હતો.

દરમિયાન મહેશભાઈએ આવેશમાં આવી પુત્ર ચિરાગની છાતીના ભાગે મચ્છી કાપવાનો છરો મારી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. જેથી ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં ચિરાગને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ચાર દિવસની સારવાર બાદ ગઈકાલે રાત્રે તેનું મોત નીપજ્યું હતું. ઉમરા પોલીસે આરોપી મહેશભાઈ ભીખાભાઈ નાયકા (ઉં.વ.૫૩)ની ધરપકડ કરી હતી. ચિરાગના મોત બાદ પોલીસ હત્યાની કલમનો ઉમેરો કરી વધુ તપાસ હાથ ધરી છે.

